# શહેરમાં સમૂહલગ્નોત્સની મોસમ પૂરબહારમાં ખીલી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં આજે લગ્નસરાની મૌસમ પૂરબહારમાં ખીલી ઉઠી હતી. વિવિધ સમાજના સમૂહલગ્નોત્સવ શહેરમાં જુદી જુદી જગ્યાએ યોજાયા હતા. આ લગ્નોત્સવમાં અંદાજે ૬૦ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. મોટીસંખ્યામાં સમાજના પરિવારો ઉત્સવની ઉજવણીમાં જોડાયા હતા.

આજના આધુનિક યુગમાં એક બાજુ ખર્ચાળ લગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ત્યારે સમાજમાંપ્રવર્તેલી જાગૃતિના પરિણામે વિવિધ સમાજો દ્વારા સમુહ લગ્નના આયોજનને પ્રોત્સાહન પુરુ પાડવામાં આવી રહ્યુંછે. આજે રવિવારના રજાના દિવસે નગરમાં વિવિધ સ્થળો પર સમુહલગ્નોત્સવનુંઆયોજન કરવામાં આવ્યુંહતું જેમાં ૬૦ થી વધુ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. સમુહલગ્નોત્સવના આયોજનમાં ચૌદ ગામ લેઉવા પાટીદાર સમાજ દ્વારા ચ-૩ સર્કલ પાસે લગ્નમહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા હતા. આ ઉપરાંત ઉતર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ દ્વારા યોજાયેલા સમુહલગ્નોત્સવમાં ૧૩ યુગલો અને દંઢાવ્ય વિભાગ જન ક્ષત્રિય મોચી સમાજ દ્વારા આયોજીત સમુહલગ્નમાં ૧૦ અને સેકટર - ૬ ખાતે આઠ પરગણાં ગુર્જર પ્રજાપતિ સમાજ દ્વારા આયોજીત સમુહલગ્નમાં ૨૩ નવયુગલોએ સમાજના પરિવારોની હાજરીમાં પ્રભુતામાં પગલા પાડયા હતા. આ મહોત્સવમાં હાજર સમાજના ભાઈ બહેનોએ નવયુગલોને આશિર્વાદ પાઠવ્યા હતા. જયારે આઠ પરગણાં ગુર્જર પ્રજાપતિ સમાજના સમુહલગ્નમાં સમુહલગ્નમાં સમાજના લાભાર્થે વિનામુલ્યે આંખની તપાસનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ૩૫૦૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. તેમજ પુસ્તક મેળાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. સહજાનંદ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ ભુજના ઉપક્રમે આયોજીત મેળામાં જુદા જુદા ૩૦ પ્રકાશકોના ૧૦૦થી વધુ ટાઈટલ સાથે આધ્યાત્મિક, શિક્ષણ, બાળ સાહિત્ય, સામાન્ય જ્ઞાન, વગેરેના પુસ્તકો મુળ કિંમત પર ૩૦ ટકાથી ૬૦ ટકા વળતર આપવામાં આવ્યું હતું. આ સમુહલગ્નોત્સવમાં મોટીસંખ્યામાં ભાઈ બહેનો જોડાયા હતા.





## ખૂણે ખાંચરેથી...

● અક્ષરધામ ખાતે આજે અપૂર્વમુનિ સ્વામીની નિશ્રામાં આખા દિવસના જ્ઞાનસત્રનું આયોજન કરાયું હતું.

● સે. ૧૭માં ગોપી મહિલા મંડળ દ્વારા પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ પૂ. ફુલશંકર શાસ્ત્રીજીની શ્રીમદ્ ભાગવત કથાએ સેક્ટરવાસીઓને ભારે મોહિત કર્યા છે.

● ગાંધીનગર મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સ્પોર્ટસ ડે અંતર્ગત ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તબીબી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, તબીબોની ટીમો ભાગ લેવાની છે.

● અમદાવાદની નવ પોળનો વિસ્તાર એટલે ઝવેરીવાડ એક આગવી અસ્મિતા નામનુ પ્રમોદ શાહ લિખિત ૩૩૨ પાનાના પુસ્તકનું આજે જાણીતા કોલમીસ્ટ મકરંદ મહેતાના હસ્તે વિમોચન થયું છે.

● લગ્નસરાની મોસમમાં આજે સૌથી વધુ સમૂહલગ્નો યોજાયા હતા.

● બે દિવસના વિરામ બાદ આજથી પુનઃ વિધાનસભાનું સત્ર મળશે. મંગળવારે બે બેઠક રાખવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં માર્ચ મહિનો આવતા જ પરીક્ષાનો માહોલ જામી રહ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ચાલો હવે ઘરે .... બજેટનાં ન્યૂઝ જોઈએ... હવે સફાઈ અભિયાન છેડ્યા બાદ આપણને સામાન્ય કલાસમાંથી ... ટેક્સ ભરવા પાત્રમાં તો નથી આવી ગયા ને ....?



ચિલોડા ગામના શ્રી બળિયાદેવ મહારાજ અને શ્રી મહાકાળી માતાજીના યુવકમંડળ દ્વારા ૧૫મા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરબા મહોત્સવ નિમિત્તે ગામના તમામ મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા હતા. આ ગરબા મહોત્સવમાં ગાયક કલાકાર કમલેશ બારોટ દ્વારા ગરબા રજુ કરાયા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવાનો જુદા જુદા દેવી-દેવતાઓના ૩૫ થી વધુ ફૂલોના ગરબા માથે લઈ ગરબે ઘુમ્યા હતા. ગરબા મહોત્સવથી સમગ્ર ગામમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. (નટુભાઈ પટલે, ચિલોડા)

# ગાંધીનગરમાં મહિલા સ્વાસ્થ્ય અન્વયે સાયકલ રેલીનું આયોજન

### જી-૩ સાયકલ કલબ દ્વારા આગામી રવિવારે સવારે સાયકલ રેલી યોજાશે : ૧૨ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની જી-૩ સાયકલ કલબ દ્વારા આગામી તા. ૬ઠ્ઠી માર્ચ રવિવારના રોજ 'સાયકલ રેલી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલી સવારે ૬.૩૦ કલાકે ઘ-૩ સર્કલથી પ્રારંભ થશે જે 'ઘ' રોડ પર ઘ-૭ થઈ ગ-૭ જશે અને ગ-૪ થઈ મહાત્મા મંદિર નજીકની ફુડકોર્ટ પાસે સમાપન યોજાશે.

મહિલા સશક્તિકરણના રાજ્ય સરકારના સંકલ્પને અનુલક્ષીને જી-૩ કલબ દ્વારા મહિલા સ્વાસ્થ્ય અને મહિલા સુરક્ષા ઉપરાંત સાયકલ ચાલકો માટે સલામત શહેરની પરિકલ્પના સાથે આ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલીમાં બાળકો, મહિલાઓ સહિત ૧૨ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. જી-૩ સાયકલ કલબ દ્વારા બાળ સાયકલીસ્ટોને એક ટી શર્ટ આપવામાં આવશે. તમામ સાયકલીસ્ટો માટે પીવાના પાણીની બોટલની વ્યવસ્થા કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની ત્રણ મહિલા સાયકલીસ્ટ પિન્કી ઝા, પ્રિતિ સોનવણે અને ભૂમિ જોગાણી દ્વારા ચલાવાતી જી-૩ સાયકલ કલબ દ્વારા અવારનવાર શહેરમાં સાયકલ રેલી વગેરેનું આયોજન કરી નગરજનોને પર્યાવરણ તથા તેમના પોતાના સ્વાસ્થ્ય માટે સાયકલનો ઉપયોગ વધારવા પ્રેરિત કરવાનો પ્રયાસ હાથ ધરાય છે.

# આગામી મે મહિનામાં અમદાવાદ ખાતે દલિત એકતા સંમેલન યોજાશે

ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે તા. ૧ મે ના રોજ અમદાવાદમાં દલિત સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે યોજાનારા આ સંમેલનમાં મોટી સંખ્યામાં દલિતો હાજરી આપશે. જ્ઞાતિ જોડો વાડા તોડો ના અભિગમ સાથે સમાજને જોડવાના ઉમદા આશ્રય સાથે અમદાવાદ ખાતે દલિત એકતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ એકતા સંમેલનમાં યુવા પેઢીને બંધારણના હક અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. દલિતોને જાગૃત કરવા ગુજરાતમાં ગામે ગામ બેઠકો યોજવામાં આવશે. દલિત સંમેલન પૂર્વે તા. ૧૪ એપ્રિલના રોજ આ સંમેલન વિશે સૌને માહિતગાર કરવામાં આવશે. બિન રાજકીય આ સંમેલનમાં લાખોની સંખ્યામાં દલિત ભાઈ બહેનો જોડાશે.

# ગુલબર્ગ કાંડને ૧૪ વર્ષ પુરા

ગોધરા કાંડના પ્રત્યાઘાત રુપે અમદાવાદ શહેરના ચમનપુરા વિસ્તારમાં આવેલી ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડનો બનાવ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે બન્યો હતો. સમગ્ર દેશને હચમચાવી મુકનાર આ હત્યાકાંડના ૧૪ વર્ષ પુરા થયા છે પરંતુ તેની યાદ હજુ પણ તાજી છે. આજે આ ઘટના બાદ પણ સુરક્ષા વ્યવસ્તા મજબૂત રાખવામાં આવી હતી. આ સંદર્ભમાં કાર્યક્રમો પણ યોજાયા હતા. સરદાર બાગ પાસે જનસંપર્ક મંચના કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત અન્યત્રણ ગોધરા મામલાને લઈને કાર્યક્રમો યોજાયા હતા. ગોધરા કાંડ બાદ અમદાવાદ સહિત ગુજરાતભરમાં સૌથી વિનાશકારી સાંપ્રદાયિક હિસ્સા ભડકી ઊઠી હતી જેમાં હજારો લોકોના મોત થઈ ગયા હતા. આ કમકમાટીપૂર્ણ ઘટના બાદ હજારો લોકોના જીવન બદલાઈ ગયા છે.

# ગાંધીનગરના જય મેરજાની આંતરરાષ્ટ્રીય વિવિધ બેઠકોમાં પ્રભાવી ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨૮

આંતરરાષ્ટ્રીય સંસ્થા (આઈ.ઈ.ઈ.ઈ.) ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનીક્સ એન્જીનીયર્સ વિશ્વના ૧૬૦ દેશો કરતા વધુ અને ચાર લાખથી વધુ એના સભ્યો છે. આઈ.ઈ.ઈ.ઈ.ના માધ્યમ દ્વારા કોન્ફરન્સ, પબ્લીકેશન, પ્રોફેશનલ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા



ન્યુજર્સીની ગ્લોબલ (આઈ.ઈ.ઈ.ઈ.) પોટેન્શીયલ કમિટિની મીટીંગમાં હાજરી આપવા માટે ગાંધીનગરથી જય રમેશ મેરજા સીઆટેલ વોશિંગ્ટન, અમેરિકા ખાતે પહોંચી ગયેલ છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થા (આઈ.ઈ.ઈ.ઈ.)ના ગ્લોબલ પોટેન્શીયલ મેગેઝીનના એસોસીએટ એડીટર તરીકે જય મેરજા સેવા આપે છે. આઈ.ઈ.ઈ.ઈ. દુનિયાનું સૌથી મોટુ પ્રોફેશનલ એસોસીએશન છે. સંશોધન અને માનવતાનું કાર્ય થઈ રહ્યું છે. બે દિવસની આ બેઠકમાં સમગ્ર ભારતમાંથી એક માત્ર એવા શ્રી જય મેરજા હાજર રહેલ છે. તેઓ એજ્યુકેશનલ એકટીવીટી બોર્ડ (ઈએબી)ના બોર્ડ મેમ્બર પણ છે.

જય મેરજાએ બી.ઈ. (ઈસી) ઈલેક્ટ્રોનિક્સ એન્જીનીયર, જીસેટ કોલેજ, વલ્લભ વિદ્યાનગર ખાતેથી ગ્રેજ્યુએટ થયેલ છે અને ઈડીઆઈમાં એન્ટરપ્રીનીયોરમાં એમબીએ કરેલ છે. કડી યુનિવર્સિટીમાંથી જર્નાલીઝમ પુરૂ કરીને હાલ સરદાર પટેલ યુનિવર્સિટીમાં પીએચડી કરી રહ્યા છે. મુવર ટેકનોલોજી પ્રા.લી. અમદાવાદના નામથી લોજીસ્ટીક સોલ્યુશન પુરી પાડતી કંપનીના ફાઉન્ડર, ડાયરેક્ટર તરીકે જય મેરજાએ નવુ સાહસ (સ્ટાર્ટઅપ) શરૂ કરેલ છે.

આઈ.ઈ.ઈ.ઈ. દ્વારા વિશ્વકર્માએ સંયોજન સાધવાની કામગીરી થાય છે. મૂળ મોરબીના વતની જય મેરજાએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સમગ્ર ભારતનું ગૌરવ વધાર્યુ છે. જય મેરજા, મહેસાણાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અને નિવાસી અધિક કલેક્ટર શ્રી રમેશ મેરજાના સુપુત્ર છે.

# કેન્દ્રના રેલવે બજેટથી કોઈ ફાયદો થયો નથી : ભરતસિંહ

### ભાજપના કાર્યકરો અને આગેવાનો કટકી કોન્ટ્રાક્ટર બની ગયા છે : ખેડૂતોની સાથે દુખમાં ઉભા રહેવા અપીલ કરી

સરદાર વલ્લભભાઈ પટેલ ગૃહ આણંદ ખાતે યોજાયેલ કોંગ્રેસ પક્ષની વિસ્તૃત કારોબારીમાં માર્ગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, જનસમર્થન-જનઆશીર્વાદથી જિલ્લા પંચાયત-તાલુકા પંચાયમતાં કોંગ્રેસ પક્ષનો ભવ્ય વિજય થયો છે ત્યારે જવાબદારી વધી જાય છે. દેશમાં સાંપ્રદાયિક અને ભાગલાવાદી પરિબળો છેતરામણી વાતો કરી પ્રજાને ગુમરાહ કરી રહ્યા છે. પક્ષમાં ટિકિટ વાંચ્છુઓ ટિકિટ માટે ધસારો કરે છે તે રીતે જ સંગઠનને મહત્વ આપવું જોઈએ. પક્ષમાં ગેરશિસ્ત ચલાવી લેવામાં નહીં આવે પક્ષના આદેશની અવગણના કરનાર સામે યથાસમયે પગલા ભરવામાં આવશે. રાજ્યમાં ૧.૩૦ લાખ કરોડના બજેટમાં ૩૦ ટકાથી વધુ રકમ ભાજપ સરકારના મળતીયાઓ વહેંચી ખાય છે. પ્લાન ખર્ચનો ઘટાડો થઈ રહ્યો છે. નોન પ્લાન ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હાર પછી સ્વીકાર કર્યો કે, ભાજપ પક્ષના કાર્યકરો અને આગેવાનો મોટી કટકી-કોન્ટ્રાક્ટર બની ગયા છે. આનાથી મોટુ ભ્રષ્ટાચારનું સ્વીકૃતિ પત્ર બીજુ કર્યુ હોઈ શકે રાજ્યનું બજેટ નિરાશાજનક છે. કેન્દ્રનું રેલવે બજેટથી ગુજરાતને કશો ફાયદો થયો નથી ત્યારે કેન્દ્રીય બજેટ પણ નિરસ હશે. પ્રજાના નાના નાના કામોમાં, સુખ-દુખમાં અને તેમની સમસ્યા માટે માધ્યમ બનવા આહવાન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને સિંચાઈના પાણી, પુરતી વિજળી, ખાતર, બિયારણ-ટેકાના ભાવો સહિતની મુશ્કેલીઓ અંગે પૃચ્છા કરીએ દુખમાં ભાગીદાર થઈ. ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ-વાલીઓ પરીક્ષાની ચિંતામાં હોય છે ત્યારે કોંગ્રેસ પક્ષ તરફથી આપણે સૌ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવીએ. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્યઓ જોરદાર લડત આપી રહ્યા છે. ભાજપની જુઠ્ઠુ બોલવું જોરથી બોલવું અને વારંવાર બોલવું નીતિ છે ત્યારે ભાજપના ભ્રષ્ટાચાર સામે સૌએ સાથે મળીને લડત આપવાની છે.

# સેક્ટર-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

### ઈન્ટર કોલેજ કવીઝ સ્પર્ધામાં પણ સરકારી કોલેજના વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૧૫ સ્થિત સરકારી



વિજ્ઞાન કોલેજના વાર્ષિકોત્સવની ઉજવણી ટાઉનહોલ ખાતે કરવામાં આવી હતી. જેમાં સંગીત, નાટક, એક પાત્રિય અભિનય, ડાન્સ સહિતની કૃતિઓ રજૂ કરાઈ હતી. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો તેમજ ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ઈનામ વિતરણના કાર્યક્રમમાં સંસ્થાના ભૂતપૂર્વ તેમજ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ એકેડેમીક, સ્પોર્ટસ અને કલ્ચર વિષયમાં પ્રથમ ક્રમે, બીજા ક્રમે, ત્રીજા ક્રમે આવેલ વિદ્યાર્થીઓનું ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિના ચેરમેન વૈશાલીબેન પાઠક, ઈનામ વિતરણના ચેરમેન ડૉ. ચેતનાબેન શાહ અને આચાર્યા ડૉ. પી.એ. વાઢેર હાજર રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રાજકુમારી પારવાણીએ કર્યુ હતું.

આ ઉપરાંત તાજેતરમાં કે.કે. શાહ જરોદવાલા મણિનગર સાયન્સ કોલેજ ખાતે ઈન્ટર કોલેજ કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદની ૨૦ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કવીઝ સ્પર્ધામાં સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થી કેશવ પટેલ અને કમલેશ ગઢવીએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ હતું.



# અમદાવાદ રોડ શોમાં આગામી મેરીટાઈમ ઈન્ડિયા સમિટ-૨૦૧૬માં રોકાણની તકો પર ભાર મુકાશે

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદમાં આજે યોજોયલા ચોથા રોડ શૉ મેરીટાઈમ ઈન્ડિયા સમિટ ૨૦૧૬ (એમઆઈએસ ૨૦૧૬)માં નીતિ ઘડનારાઓ, ઉદ્યોગના નિષ્ણાતો, કોર્પોરેટ સીઈઓ અને જહાજ મંત્રાલયના અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રોડ શો સૌપ્રથમ કોલકત્તામાં ૩ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ, ત્યાર બાદ બીજો ચેન્નઈમાં ૫ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ અને ત્રીજો ૧૧મી ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ હૈદ્રાબાદમાં યોજાયો હતો.

જહાજ મંત્રાલય મુંબઈમાં બોમ્બે કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં ૧૪મી એપ્રિલ ૨૦૧૬થી ૧૬મી એપ્રિલ ૨૦૧૬ સુધી મેરીટાઈમ ઈન્ડિયા સમિટ ૨૦૧૬ (એમઆઈએસ ૨૦૧૬)નું આયોજન કરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૪મી એપ્રિલ ૨૦૧૬ના રોજ આ સમિટનું ઉદ્ઘાટન કરવા સંમતિ આપી છે. આ સમિટમાં ૧૪મી અને ૧૫મી એપ્રિલ ૨૦૧૬ના રોજ પહેલા બે દિવસ ઈન્વેસ્ટર્સ સમિટ યોજાશે જ્યારે સમિટના ત્રણે દિવસ માટે પ્રદર્શન અને ડેમો સત્રોનું આયોજન કરાયું છે. એમઆઈએસ ૨૦૧૬ માટે રીપબ્લિક ઓફ કોરિયા ભાગીદાર દેશ છે અને મંત્રાલય તથા ઉદ્યોગનું ઉચ્ચ સ્તરિય પ્રતિનિધિમંડળ તેનું પ્રતિનિધિત્વ કરશે. દરિયાઈ સરહદો ધરાવતા ૫૦થી વધુ રાષ્ટ્રોને સમિટમાં આમંત્રણ અપાયું છે.

ગુજરાત મેરીટાઈન બોર્ડના વાઈસ ચેરમેન અને સીઈઓ શ્રી એ.કે. રાકેશ, આઈએએસએ જણાવ્યું હતું કે તેની સ્થાપના સમયથી જીએમબીએ લાંબી મજલ કાપી છે અને આજે તે ગુજરાતમાં ૨૬ બંદરોનું સંચાલન કરે છે. વર્ષ ૧૯૮૨માં જીએમબીના બંદરોમાં કાર્ગોનું સંચાલન માત્ર ૩૦ લાખ મેટ્રિક ટનથી વધીને આજે ૨૦૧૪-૧૫માં ૩૩૬ એમએમટી સુધી પહોંચ્યું છે. જે ભારતમાં બધા જ બંદરોમાં કાર્ગોના થતા કુલ સંચાલનના ૩૨ ટકા અને દેશમાં બધા જ ઓછુ મહત્વ ધરાવતા બંદરોના કુલ કાર્ગો (૪૭૦ એમએમટી)ના ૭૨ ટકા જેટલુ છે. ગુજરાત પોર્ટ સેક્ટર દ્વારા બંદરોના કરાયેલા વિકાસને કારણે આ શક્ય બન્યુ છે. ૨૦૧૪માં ભારતમાં બંદરો ૯૭૨ એમએમટી કાર્ગોનું સંચાલન કરે છે, જે ૧૪ના આંકડા મુજબ સમગ્ર વિશ્વના કાર્ગો સંચાલનના ૫ ટકા જેટલું થાય છે. ભારતે છેલ્લા નાણાકીય વર્ષ દરમિયાન અંદાજે ૧૦૫૦ એમટી કાર્ગોનું સંચાલન કર્યુ હતુ.